જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦      ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


તા.૧૩/૦૨/૨૦૧૮  મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-      સમાચાર યાદી નં.૩૦૪/૧૮

બાપુનગર પોલીસ સ્ટેશનઃ

## બાપુનગર પો.સ્ટે.ના સર્વેલન્સ સ્કોર્ડના માણસો દ્વારા ગણતરીના કલાકોમાં લુંટના ગુનાનાં આરોપી-મુદ્દામાલ પકડી પાડી કરેલ સરાહનીય કામગીરીની પ્રેસનોટ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓના ફરમાન મુજબ અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૦૨ સાહેબનાઓએ રાખેલ નાસ્તા-ફરતા આરોપીઓ તથા પો.સ્ટે.માં ચાલુ વર્ષે દાખલ મિલ્કત સબંધી ગુનાઓ શોંધવા સારૂ આપેલ સુચના આધારે નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૦૫ તથા મદદનીશ પો. કમિ. શ્રી "એચ" ડિવીઝનનાઓ તરફથી મળેલ સુચના આધારે આજરોજ અત્રેના બાપુનગર પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૨૪/૨૦૧૮ ઇપીકો કલમ ૩૯૪,૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબ નો ગુનાના આરોપીઓ શોધી પકડવા સારૂ પો.ઇન્સ. શ્રી વી.જે.જાડેજા સાહેબના માર્ગદર્શન હેઠળ અમો તથા સાથેના સર્વેલન્સ સ્કોર્ડ મ.સ.ઇ.માનાભાઇ ખાતુભાઇ તથા બીજા સ્ટાફના માણસો સાથે મળી પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સાથેના પો.કો.સુરેશકુમાર ભેમાભાઇ તથા પો.કો.ભરતસિંહ મનુભાઇ નાઓની સંયુક્ત ખાનગી બાતમી હકીકત આધારે ઉપરોકત ગુનાનો આરોપીઓ (૧) વિપુલ ભરતભાઇ જાતે ઠાકોર ઉ.વ.૨૦ રહે.૩૪, હરદાસનગરની ચાલી જનરલ હોસ્પીટલની સામે હનુમાનજી મંદિરની સામે બાપુનગર અમદાવાદ શહેર તથા (૨) કેતન દશરથભાઇ ઠાકોર ઉ.વ.૨૩ રહે.૩૩૯/૧૭૨૦ ગુ.હા.બોર્ડ આઝાદ ચોક બગીચા પાછળ હરદાસનગર બાપુનગર અમદાવાદ શહેર મૂળ ગામ અનાવાડા તા.જી.પાટણ નાઓને ગણતરીના કલાકોમાં પકડી પાડી આજરોજ તા.૧૩/૦૨/૧૮ ના કલાક ૧૫/૦૦ વાગે પકડી અટક કરી સદરી લુંટમાં લઈ ગયેલ હોન્ડા એક્ટીવા નં.GJ 27 BQ 5563 જેની કી.રૂ.૬૦,૦૦૦/- તથા રોકડા રૂ.૨૨૦૦/- મળી કુલ્લે રૂ.૬૨,૨૦૦/- નો મુદ્દામાલ રીકવર કરી અત્રેના પો.સ્ટે.નો અનડીટેકટ ગુનો શોધી કાઢી આગળની તપાસ હાથ ધરેલ છે.

**દાણીલીમડા પોલીસ સ્ટેશનઃ**

# મિલકત સબંધી ગુનો શોધી કાઢતી દાણીલીમડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેકટર-૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા અધિક નાયબ પો.કમિ.શ્રી "કે" ડીવીઝનનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનતા વાહન/ઘરફોડ ચોરીના ગુનાઓ શોધી કાઢવા સુચના મળતા જે અન્વયે સિનિયર પોલીસ ઈન્સપેકટરશ્રી આર.કે.અમીનનાઓની સુચના હેઠળ તેમજ માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ.આર.જી.ખાંટ તથા સાથેના સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ તે દરમ્યાન સાથેના સ્ટાફના અ.હેડ.કોન્સ કાનજીભાઈ અમીભાઈ તથા પો.કો.હર્ષદસિહ ગંભીરસિહ નાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે આરોપી **મહેબુબ ઉર્ફે મચ્છી સ/ઓ એહમદખાન છોટેખાન પઠાણ ઉ.વ.૩૩ રહે : મ.નં.૧૬/૫૦૧ સંતોષનગર ચાર માળિયા ગરીબ આવાસ યોજનાના કવોટર્સ બહેરામપુરા દાણીલીમડા અમદાવાદ શહેર** નાઓને એક સિલ્વર હોન્ડા કંપનીનુ એકટીવા નંબર જીજે.૦૧.ઈ.એફ.૨૮૭૦ જેનો એ.નં.JF08E0667239 તથા ચે.નં.ME4JF085M48649172 જેની આશરે કિ,રુ,૪૦,૦૦૦/ ની મત્તાના મુદામાલ સાથે સી.આર.પી.સી કલમ ૪૧(૧)(ડી) મુજબ પકડી લઈ સદરીની પુછપરછ દરમ્યાન સદર ઉપરોક્ત હોન્ડા કંપનીનુ એકટીવા આજથી આશરે બે-એક દિવસ પહેલા રાત્રીના સમયે વાસણા નર-નારાયણ નગર ખાતેથી ચોરી કરી મેળવેલ હોવાની કબુલાત કરતા સદરી વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી **વાસણા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં.૧૪/૨૦૧૮ ઈપીકો કલમ-૩૭૯** મુજબનો મિલ્કત સંબંધી ગુનો શોધી કાઢેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.